| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | 26/06/2013 | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | 26/06/2013 | | |
| ફેંસલ કર્યા તારીખ | 03/01/2025 | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## ૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.પ.

**<u>ક્રિ.કેસ નં. 503463/2013</u>**

**<u>આંક–૦૭.</u>**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| | **વિ.** |
| **આરોપી** | **૧. ભીમસિંગ ઉર્ફે રાજુ શંભુસિંગ ભાટી, ઉ.વ.પુખ્ત, રહેઃ અમદાવાદ.** |

ફરીયાદ પક્ષે વિ એ.પી.પી. શ્રી એચ.એસ.પંચાલ
બચાવ પક્ષે વિ વ શ્રી. એચ.જી. ગાંધર્વ.

| |
|---|
| આક્ષેપિત કલમો : ઈ.પી.કો. કલમ – **379, 114** મુજબ |

**–::: <u>ઠ રા વ</u> :::–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી છે કે, આ કામના આરોપી તથા નહી પકડાયેલ આરોપીઓ ભેગા મળી તા.૨૧/૧૧/૨૦૧૨ ના કલાક ૧૮:૦૦ થી તા.૨૨/૧૧/૨૦૧૨ ના કલાક ૧૬:૦૦ વાગ્યા દરમ્યાન

ફરીયાદીશ્રીની સત્તાધાર સોસાયટી ફરીયાદીના ઘર આગળ આવેલ દુકાનની ખુલ્લી જગ્યામાંથી મહેન્દ્રા કંપનીની લોડીગ બોલેરો આરટીઓ નં.જીજે.૦૧.બીઝેડ.૫૦૯૦ ની ૨૦૧૦ ના મોડલની કિંમત રૂા.૩,૫૦,૦૦૦/– ના મત્તાની ચોરી કરી ગુનો કર્યો જે બાબતને ઈ.પી.કો. કલમ **379, 114 જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.** 107/2012 મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો. તે બાબતની ફરિયાદ નોંધાતા તક શ્રીએ તપાસ કરીને પુરતા પુરાવા હોઈ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. સદર કામે ગુનો નોંધાતા આ કામના તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું અને આ કામના આરોપી વિરૂઘ્ઘ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલું.

(૨) આ કામના આરોપીને સમન્સની બજવણી નીયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં કલમ ૨૦૭ સીઆરપીસી તથા કલમ ૩૨૦ નો પણ સમાવેશ થાય છે.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં છે :–

| આંક | વિગત |
|---|---|
| **04** | ફરીયાદી કાંતીભાઈ રેવાભાઈ પટેલ ની સોગંદ પરની જુબાની. |
| **05** | ફરીયાદ. |
| **06** | કલોઝીગ પુરસીસ. |

ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે મોટાભાગના અને મહત્વના સાહેદોને તપાસેલ હોય અને અન્ય કોઈ વધુ સાહેદોને તપાસવા જરૂરી ન જણાતા હોય ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ન્યાયીક કાર્યવાહી આગળ કરવામાં આવી. જે મુજબ જુનાં કેસો સત્વરે નીકાલ કરવાનુ

નામદાર સુપ્રિમ કોર્ટનુ HUSSAIN VS UOI 2017 નું જજમેન્ટ મુજબ જુનાં કેસો સત્વરે નીકાલ કરવાનાં છે.

તથા વળી તે મુજબ ગુજરાત હાઈકોર્ટ નો ૨૦૧૭ નો પરિપત્ર પણ છે. જે મુજબ કાર્યવાહી કરી.

(૫) ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીના વિ.વ.શ્રીની

દલીલો સાંભળી.

(૬) પક્ષકારોના પક્ષ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા નહી પકડાયેલ આરોપીઓ ભેગા મળી તા.૨૧/૧૧/૨૦૧૨ ના કલાક ૧૮:૦૦ થી તા.૨૨/૧૧ /૨૦૧૨ ના કલાક ૧૬:૦૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીશ્રીની સત્તાધાર સોસાયટી ફરીયાદીના ઘર આગળ આવેલ દુકાનની ખુલ્લી જગ્યામાંથી મહેન્દ્રા કંપનીની લોડીગ બોલેરો આરટીઓ નં.જીજે.૦૧.બીઝેડ.૫૦૯૦ ની ૨૦૧૦ ના મોડલની કિંમત રૂા.૩,૫૦,૦૦૦/– ના મત્તાની ચોરી કરી તે બાબતે ઈ.પી.કો. કલમ **379, 114 જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.** 107/2012 મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

***મુદ્દા નંબર :– ૧***

(૯) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ પરિપત્ર ૫/૭/૨૦૧૬ તથા તેમા જણાવેલ નામાદર કેરાલા હાઈકોર્ટનો જજમેન્ટ Y P BAIJU VSS STATE OF KERALA CRI M C 3212/2007 તથા YESUDAS VS SUB INSPTECTOR OF POLICE KALAMASSSERY CRI MC 3606/2007 મુજબ કોન્ઝાઈલેશન એ એક તરફી પ્રક્રિયા છે. તથા બે બાજુની પ્રક્રિયા નથી. જે બાબત હાલનાં કેસમાં પણ સુસંગત છે. જે સબબ જયારે જયુડીશીયરી પણ કેસોનું ખુબ જ ભારણ છે અને કેસમાં વધુ કોઈ બાબત હવે બહાર

આવી શકે તેમ નથી. તે સંજોગોમાં આ કેસ હવે ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયી હકીકત બહાર આવી શકે તેમ નથી.

(૧૦) વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ 1998 CRI. L. J. 2481 State of Karnataka v. G. Narayanamurthy AIR 2008 (SC) pG 1969 & 2012 ACC (76) pG 279 Shiji @ Pappu Vs Radhika સહીતનાં સંખ્યા બંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય તથા મુખ્ય ફરીયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરીયાદ પક્ષ ને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કીમતી સમય અન્ય સાહેદો ને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. કોર્ટ માં કેસો નુ ભારણ છે. તથા તે અંગે જો ફરીયાદી મુખ્ય ભોગબનનાર જ જાતે વિમુખ હોય અને ફરીયાદ પક્ષ ને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગો માં આરોપી સામે નો કેસ ક્રીમીનલ જયુરીશપ્રુડંશ મુજબ નીઃશંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નંઃ ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો એ ફરીયાદ પક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકી નાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**આંક–૦૪** થી **ફરીયાદી કાંતીભાઈ રેવાભાઈ પટેલ** ને તપાસેલા છે જેઓ ઓનલાઈન જુબાની આપવા માંગે છે માટે જે સબબ **MS METERS & INSTRUMENT & KANCHAN MEHTA LAW FINDER DOC ID 906718** ના જજમેન્ટમાં જણાવેલ સિધ્ધાંત મુજબ ઓનલાઈન જુબાની લીધેલ છે અને આ કામે ફરિયાદ **આંક–૦૫** થી રજુ કરેલ છે. જેમાં તેઓ જણાવેલ છે કે, બનાવમાં એવુ બનેલ કે ફરીયાદી ભોગબનાર જણાવે છે કે, બનાવ તારીખે તેમની બોલેરો ગાડી ચોરાયેલ જે હાલ સુધી પરત મળી આવેલ નથી. તે ફરીયાદમાં જણાવેલ કિમત પુરાનો ચોરી ગયેલ. તેઓ લેવા આવી શકે તેમ નથી. તેને કોઈ ઈસમ ચોરી ગયેલ. તેઓએ તેની ફરીયાદ આપેલી. આરોપીને તેઓ ઓળખતા નથી. અને કેસની ફરીયાદ તેઓએ આપેલી. હવે તેઓ આગળ કેસ ચલાવવા માંગતા નથી. તેઓએ નમુદની નામ વગરની ફરીયાદ આપેલ હતી. હવે તેમને કોઈ મનદુઃખ રહેલ નથી. આજરોજ તેઓએ એપીપીશ્રી મારફતે જણાવે છે કે, તેઓને કોઈ સાહેદો તપાસવા નથી. મુદામાલ મળે તો સારુ.

ત્યારબાદ સદર ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આરોપી તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, તેઓને આ કેસ આગળ ચલાવવો નથી.

જયારે ભારત દેશમાં કોટી માં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીગ છે ત્યારે જયારે હાલ નાં કેસ માં મુખ્ય મહત્વનાં સાહેદે ફરીયાદ પક્ષ નાં કેસ ને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકી નાં સાહેદો ને તપાસ વાથી પણ ક્રીમીનલ જયુરીશપૃડંશ મુજબ કેસ નીઃશંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી. આમ, ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આ કામે તપાસેલ સાહેદો પૈકી કોઈપણ સાહેદ આપતાં ન હોય આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામે મૂકવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને શં કાનો લાભ મળવા પાત્ર હોવાનુ જણાય છે તથા તે સબબ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ જેથી ***મુદ્દા નં. ૦૧નો જવાબ "નકારમાં"*** આપવામાં આવે છે. તથા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

:: <u>આખરી હુકમ</u> ::–

૧. આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– **379, 114** મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ નવા સુધારેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા.

૩. અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય બીનકીમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને <u>જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો.</u> <u>આ કામે ત.ક. એ ન અપાયેલ હોય તેવો કીમતી મુદ્દામાલ વિગેરે મળી આવે તો ફરીયાદીની ખરાઈ કરીને ફરીયાદીને સોંપવો.</u>

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ અમદાવાદ
તાઃ **03/01/2025**

(પી.પી. પટેલ)
૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.
જીજે૦૦૯૪૨